# કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી-૩૯૬૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

## ~:: પરિપત્ર ::~

યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓને જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટીના તાબા હેઠળના વિવિધ યુનિટ/સબ-યુનિટ કચેરીઓ, ફાર્મ, રહેણાંક મકાનો, ફાર્મ સ્ટ્રક્ચર વગેરેમાં મરામત તથા નવી કામગીરીઓ કરાવવા માટે વિવિધ પ્રકારના તાંત્રિક રોજમદારો રોકવામાં આવે છે. આ તાંત્રિક રોજમદારોના નિયત થયેલ દરોની મુદત આગામી તા.૩૧/૦૭/૨૦૨૬ના રોજ પૂર્ણ થતી હોવાથી આ ભાવોની સમીક્ષા કરવી જરૂરી જણાય છે. આ હકીકતોને ધ્યાનમાં લઈ આ સાથે સામેલ પત્રકની વિગતો મુજબ આપના કેન્દ્ર ખાતે / આસપાસ આ ઇસમો / કારીગરો / રોજમદારોના મજુરીના દૈનિક દર શું ચાલે છે અથવા તો તેઓને કેટલી મજૂરી કેટલા સમય માટે પ્રતિદિન ચૂકવવામાં આવે છે, તેની માહિતી આ સાથે સામેલ પત્રકમાં ભરી તે અંગેનું રોજકામ કરી આ કચેરીને સત્વરે મોકલી આપવા વિનંતી છે, શક્ય હોય તો આ માહિતી આપના કેન્દ્રના સબંધિત તલાટી / સરપંચ પાસેથી મેળવીને તેમના સહી સિક્કા કરાવીને પણ રજૂ કરી શકાશે. જેથી આ માહિતી અને રોજકામના આધારે આ રોજમદારોના પ્રવર્તમાન મજુરીના દરોની મંજુરી મેળવી શકાય.

ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લઇ આ માહિતી **તા.૧૫/૦૭/૨૦૨૬** સુધીમાં આ કચેરીને હાર્ડકોપીમાં તથા ઇમેઇલ મારફત મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

જા.નં.નકૃયુ/કાઇ/બી-૩/૨૮૮૬/૨૦૨૬
નવસારી તા.૪ /૦૭/૨૦૨૬

**કાર્યપાલક ઇજનેર**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના :**
યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારુ.

**યુનિવર્સિટીના મુખ્ય તેમજ પેટા કેન્દ્રો ખાતે મરામતની કામગીરી માટે રોકવામાં આવતા કુશળ, અર્ધકુશળ, બીનકુશળ, શ્રમયોગીઓને ચુકવવાપાત્ર દૈનિક દર અંગેની માહિતી આપવા બાબત....**

## -: પત્રક :-

| અ.નં. | રોજમદાર મજુરોની વિગત | આપના કેન્દ્રની આસપાસ પ્રતિ ૮ કલાકની સેવાના ભાવ રૂપિયામાં |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | સુથાર | |
| ૨ | સુથાર હેલ્પર | |
| ૩ | કડીયો | |
| ૪ | કડીયા હેલ્પર | |
| ૫ | વેલ્ડર | |
| ૬ | લુહાર/બાર બાઇન્ડર | |
| ૭ | વાયરમેન | |
| ૮ | વાયરમેન હેલ્પર | |
| ૯ | પંપ ઓપરેટર | |
| ૧૦ | પ્લંમ્બર | |
| ૧૧ | પ્લંમ્બર હેલ્પર | |
| ૧૨ | પેઇન્ટર (મકાનોમાં અંદર બહારના કલરકામ માટે) | |
| ૧૩ | પેઇન્ટર હેલ્પર (મકાનોમાં અંદર બહારના કલરકામ માટે) | |
| ૧૪ | રસોઇયા | |
| ૧૫ | રસોઇયા હેલ્પર | |

## -: રોજકામ :-

આથી રોજકામ કરવામાં આવે છે કે, અત્રેના .................................................. કેન્દ્ર ખાતે / આસપાસ ઉપરોકત રોજમદારોના ભાવ બરાબર ચકાસણી / ખાતરી કરી અને આ કચેરીના નીચેના અધિકારી / કર્મચારીઓએ જાત તપાસ કરી મેળવેલ છે. જે બદલ આ રોજકામ કરવામાં આવે છે.

| ક્રમ | અધિકારી/કર્મચારીનું નામ | હોદ્દો | સહી |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

ઉપરોકત રોજકામની વિગતો સાથે હું સહમત છું.

કચેરીના વડાની સહી અને સિકકો